નવગુજરાત સમય, પાના નં-૦૩, તા. ૨૪.૦૨.૨૦૨૪

# અમદાવાદ ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલનો ટ્રાયલ રન શરૂ...








અમદાવાદ ગાંધીનગર ફેઝ-2ના મેટ્રો પ્રોજેક્ટમાં મેટ્રો રેલનો ટ્રાયલ રન શરૂ કરવામાં આવ્યો છે. હાલ આ ટ્રાયલ રન GNLU અને ધોળાકુવા વચ્ચે શરૂ કરાયો છે. જે તબક્કાવાર વધારાશે. ઉલ્લેખનીય છે કે આ પ્રોજેક્ટ નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી મહાત્મા મંદિર અને ગિફ્ટ સિટી લીંક સુધી 28 કિલોમીટરનો છે અને તેમાં 22 સ્ટેશન આવે છે. જે પૈકી મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 સુધી તબક્કાવાર ટ્રાયલનું આયોજન છે. જે પૂર્ણ થયા બાદ મેટ્રો રેલ સેફ્ટી કમિશનરને ચકાસણી માટે વિનંતી કરાશે અને તે મંજૂર મળ્યા બાદ મે-જૂનમાં વાણિજ્યિક ઉપયોગ માટેનું આયોજન કરાયું છે. **નવગુજરાત સમય**